**ફો.પ.અ.નં. ૧૬૫/૨૦૨૬ (ભિલોડા પો.સ્ટે. ગુ.રજી.નં. ૩૮૬/૨૦૨૬) ના કામે વચગાળાની કસ્ટડી તરીકે મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ**

------------------------------------

(૧) અરજદારે હાલની અરજી આ કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલ વાહન મોટર સાયકલ''TVS MOTOR COMPANY LTD કંપનીની TVS STAR CITY+(BS IV) જેનો રજી. નં. RJ.27.BW.5802'' (કે જેને હવે પછી ''મુદામાલ'' તરીકે ઉલ્લેખ કરેલ છે તે ) વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા દાખલ કરેલ છે.અરજી અન્વયે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજી વંચાણે લીધી. અરજી સંબંધે અરજદારના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલ છે. અરજી સંબંધે અરજદાર તર્ફે રજુઆત કરવામાં આવેલ છે સદર મુદ્ધામાલ અરજદારની માલીકીનો છે, સદર મુદામાલનો પોતાના અંગત કામ સારુ ઉપયોગ કરે છે. સદર મુદામાલ પોલીસ સ્ટેશનમાં પડી રહેલ છે તથા સદર કામેના ગુન્હાની ટ્રાયલ ચાલવામાં સમય જાય તેમ હોઈ સદર મુદામાલ અરજદારની માલીકી અને કબજાનો છે અને મુદામાલ યાંત્રીક સાધન હોઈ અને જો તે બિનવપરાશ પડી રહે તો તેમાં યાંત્રીક ખામી સર્જાય તેમ છે અને જેથી અરજદારને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જાય છે. આ સંજોગોમાં અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

હાલના કામે ગુનાની જોગવાઈઓ તથા **નામદાર સુપ્રિમ કોર્ટના જી.એલ.એચ. ૨૦૦૩ (I) પાન નં. ૩૦૭ સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં** પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો

અને માર્ગદર્શનને લક્ષમાં રાખી સદરહુ મુદામાલ વધુ સમય પો.સ્ટેશનમાં રાખી મુકવા ન્યાયોચિત જણાતુ નથી અને જો તેમ કરવામાં આવે તો સદરહુ મુદામાલને નુકસાન થશે અને સદરહુ મુદામાલની મુળ કિંમતમાં ઘટાડો થશે અને અરજદારને ખોટી મુશ્કેલી વેઠવી પડશે વિગેરે તમામ સંજોગો ધ્યાનમાં રાખી સદરહુ મુદ્દામાલ શરતોને આધીન અરજદારને વચગાળાની કસ્ટડથી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો, તે મારી દ્રષ્ટિએ યોગ્ય અને વ્યાજબી જણાય છે. પરિણામે ન્યાયના વિશાળ હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.

અરજદાર જશોદાબેન નરેશભાઈ હોથા, રહે.ડબાયચા, તા.નયાગાવ, જી.ઉદેપુર, રાજસ્થાનનાઓને ભિલોડા પો.સ્ટે. ગુ.રજી.નં. ૩૮૬/૨૦૨૬ નાકામે કબજે લીધેલ મુદ્દામાલ વાહન મોટર સાયકલ''TVS MOTOR COMPANY LTD કંપનીની TVS STAR CITY+(BS IV) જેનો રજી. નં. RJ.27.BW.5802''છે તે હાલના કામેની મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજુ કર્યેથી, નીચેની શરતોને આધીન વચગાળાના હુકમે પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

(૧) અરજદારે મુદામાલ કેસ ચાલતા દરમ્યાન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવુ કરાવવુ નહિ.

(૨) મુદામાલ ઓળખ કે સ્વરૂપમાં કોઈ પણ રીતે ફેરફાર કરવો કરાવવો નહી.

(૩) નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યારે રજુ કરવુ.

(૪) કેસના આખર નીકાલ સુધી મુદામાલનુ વેચાણ કરવુ નહી.

ઉપરોકત શરતોનુ અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે, અને તે પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપો આપ રદ થયેલો ગણાશે.હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

**તા. ૦૬/૦૬/૨૦૨૬**
**સ્થળ : ભિલોડા.**

**(એમ.એ.મકરાણી)**
**એડી. ચીફ જયુડી. મેજી.,**
**ભિલોડા**
**(GJ-01007)**